# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**
[ Gujarat Public Universities Act No. 15/2023 ]


## પરિપત્ર:

**વિષય: "હર ઘર તિરંગા" કાર્યક્રમની ઉજવણી કરવા બાબત.**

**સંદર્ભ: રાજ્ય એન.એસ.એસ. અધીકારી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક રસય/હર ઘર તિરંગા/2025/૬૪૬૧-૬૯૬૧ તા. 02/08/2025 મુજબ.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જૂનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર તેમજ દ્વારકા જીલ્લાની તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સને જણાવવાનું કે, ઉપરોક્ત સંદર્ભે રાષ્ટ્રીય સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગ રૂપે લોકોમાં રાષ્ટ્ર ભાવના જાગે તે માટે દર વર્ષ પ્રમાણે આ વર્ષે તા.15 ઓગસ્ટ, 2025 સુધીમાં આપના ક્ષેત્રાધિકારમાં "હર ઘર તિરંગા" કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે. આપના જીલ્લા કક્ષાએ કલેક્ટરશ્રી, જીલ્લા વિકાસ અધિકારીશ્રી તેમજ પોલીસ અધિક્ષકશ્રીના સંકલનમાં રહી તે મુજબ કાર્યક્રમનું આયોજન કરવું. ઉક્ત કાર્યક્રમમાં એન.એસ.એસ. યુનિટના સ્વયંસેવકો બહોળી સંખ્યામાં ભાગ લે તે અંગે એન.એસ.એસ. પ્રોગામ ઓફીસરશ્રીઓએ આવશ્યક કામગીરી કરવાની રહેશે.

આપની કોલેજના એન.એસ.એસ. યુનિટના વધુમાં વધુ સ્વયંસેવકો ભાગ લે તેમજ કામગીરીનો અહેવાલ તથા જીઓ ટેગ ફોટા અત્રેની યુનિવર્સિટીની સાઇટ https://www.bknmu.edu.in પર જઈ Students corner પર ક્લીક કરી NSS પર ક્લીક કરવું. જેમાં IMPORTANT LINKS માં NSS ACTIVITY UPLOAD MODULE પર ક્લીક કરી પોગ્રામ ઓફીસર્સએ પોતાની કોલેજ સીલેક્ટ કરવી અને Secret Key એન્ટર કરવી. આમ અહેવાલ માટેનો મોડ્યુલ ખુલશે. જેમાં કામગીરીનો ડેટા તા. 18/08/2025 સુધીમાં અપલોડ કરવાનો રહેશે.

**બીડાણ: (1)રાજ્ય એન.એસ.એસ. અધીકારી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક રસય/હર ઘર તિરંગા/2025/૬૪૬૧-૬૯૬૧**

પ્રો. કો-ઓર્ડીનેટરશ્રી
એન.એસ.એસ. વિભાગ
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
જુનાગઢ

ક્રમાંક/બીકેએનએમયુ/એન.એસ.એસ./92/2025
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ.
તા. 06/08/2025

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજો, એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ તરફ.

નકલ રવાના જાણ અર્થે :
- માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ.
- રાજ્ય એન.એસ.એસ. અધીકારી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર
- યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય, એન.એસ.એસ. ક્ષેત્રીય નિદેશાલય, અમદાવાદ
- આઈ.ટી. સેલ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ. (પરિપત્ર વેબસાઈટ પર અપલોડ કરવા)

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

જા.ક્ર. :- રસય/હર ઘર તિરંગા/૨૦૨૫/ ૬૪૯૧-૬૯૬૨ તા.૦૨/૦૮/૨૦૨૫

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી, સરકારી,અનુદાનિત અને બિન અનુદાનિત યુનીવર્સીટી તમામ,
આચાર્યશ્રી, સરકારી,અનુદાનિત અને બિન અનુદાનિત કોલેજ તમામ,
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી તમામ.

વિષય: **"હર ઘર તિરંગા"** કાર્યક્રમની ઉજવણી અન્વયે.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાષ્ટ્રીય સ્વતંત્રતા પર્વની ઉજવણીનાં ભાગરૂપે રાષ્ટ્રધ્વજના સન્માનમાં રાજ્યના લોકોમાં રાષ્ટ્ર ભાવના જાગે તે માટે **"હર ઘર તિરંગા"** કાર્યક્રમની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આપના જિલ્લા કક્ષાએ કલેકટરશ્રી , જિલ્લા વિકાસ અધિકારીશ્રી તેમજ પોલીસ અધિક્ષકશ્રીના સંકલનમાં રહી તે મુજબ કાર્યક્રમનું આયોજન કરવાનું જણાવવામાં આવે છે.

**"હર ઘર તિરંગા"** કાર્યક્રમના આયોજનમાં એન.એસ.એસ. સ્વયં સેવકો બહોળી સખ્યામાં ભાગ લે તે અંગે એન.એસ.એસ.પ્રોગામ ઓફિસરશ્રીઓને આવશ્યક કામગીરી કરવાની રહેશે. NCCના વિધાર્થીઓને બેન્ડ સાથે બહોળી સંખ્યામાં ભાગ લે તેવું આયોજન કરવાનું રહેશે. ઉક્ત કાર્યક્રમની ઉજવણી કર્યા અંગેનો રિપોર્ટ અત્રેની કચેરીને અચૂકપણે મોકલી આપવાનો રહેશે.

રાજ્ય એન. એસ. એસ. અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.,ગાંધીનગર